વર્ષ : ૨, અંક : ૨, સળંગ અંક : ૧૪ દર માસની ૧૫ તારીખે પ્રસિધ્ધ થતું માસિક એપ્રિલ : ૨૦૧૩

સતપંથ પ્રકાશ



છૂટક કિંમત રૂા. ૯/- વા.લ. રૂા. ૧૦૦/-

વર્ષ : ૨, અંક : ૨, સળંગ અંક : ૧૪   દર માસની ૧૫ તારીખે પ્રસિધ્ધ થતું માસિક   એપ્રિલ : ૨૦૧૩

સતપંથ પ્રકાશ



છૂટક કિંમત રૂા. ૯/- વા.લ. રૂા. ૧૦૦/-


જાહેર આમંત્રણ

સતપંથ પ્રેરણાપીઠના એકવીસમા ગાદીપતિ

પ.પૂ. બ્રહ્મલીન આચાર્યશ્રી સવજીદાસજી મહારાજની સત્તાવીસમી પુણ્યતિથિ મહોત્સવ

પ્રેરણાપીઠ - પીરાણા, તા. દસક્રોઈ, જી. અમદાવાદ. (તા. ૪-૬-૨૦૧૩)

પ.પૂ. બ્રહ્મલીન આચાર્યશ્રી સવજીદાસજી મહારાજના શિષ્યમંડળ તેમજ ભાવિક ભક્તજનો જોગ



● પ.પૂ. બ્રહ્મલીન આચાર્યશ્રી સવજીદાસજી મહારાજ ●

સહર્ષ જણાવવાનું કે શ્રી નિષ્કલંકી નારાયણ મહાપ્રભુજીની કૃપા અને સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની પ્રેરણાથી, પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજના આશીર્વાદથી પ.પૂ. બ્રહ્મલીન આચાર્યશ્રી સવદાસજી મહારાજની સત્તાવીસમી પુણ્યતિથિ ઉજવવાનું આયોજન સં. ૨૦૬૯, વૈશાખ વદ - ૧૧ને મંગળવાર, તા. ૪-૬-૨૦૧૩ના દિવસે શ્રી પ્રેરણાપીઠ - પીરાણા મધ્યે રાખવામાં આવેલ છે. તો સૌ શિષ્યમંડળ તથા ધર્મપ્રેમી ભાવિક ભક્તજનોને મહોત્સવનો ધર્મલાભ લેવા ભાવભર્યું આમંત્રણ છે.

:: કાર્યક્રમસૂચિ ::

તા. ૩-૬-૨૦૧૩ સોમવાર	: સાંજે	: ૮-૪૫	કલાકે : ભજન - સત્સંગ (ગુરુવર્યની સમાધિ સ્થળે)
તા. ૪-૬-૨૦૧૩ મંગળવાર	: સવારે	: ૬-૦૦	કલાકે : અલ્પાહાર
	સવારે	: ૭-૦૦	કલાકે : પ.પૂ. બ્રહ્મલીન મહારાજનાં પૂજન- અર્ચન-આરતી
	સવારે	: ૮-૦૦	કલાકે : પ્રાસંગિક પ્રવચનો અને મંતવ્યો
	સવારે	: ૯-૦૦	કલાકે : મહાપૂજા, શિષ્યમંડળ પરિચય
	બપોરે	: ૧૧-૦૦	કલાકે : બ્રહ્મભોજન -મહોત્સવ પૂર્ણાહુતિ

નિમંત્રક
બ્રહ્મલીન પ.પૂ. આચાર્યશ્રી
સવજીદાસજી મહારાજના શિષ્યમંડળ વતી,
પ.પૂ. મહંતશ્રી રવિદાસજી મહારાજ
- પ્રેરણાપીઠ, પીરાણા.

સંપર્ક : શ્રી રમણભાઈ માધાભાઈ પટેલ : મો. ૦૯૮૨૫૦૬૨૬૬૮
શ્રી સુરેશભાઈ મેઘજીભાઈ પટેલ : મો. ૦૯૪૨૬૮૯૦૨૬૨
શ્રી જશુભાઈ દેવશીભાઈ પટેલ : મો. ૦૯૪૨૭૦૮૧૬૮૮

સતપંથ પ્રકાશ | એપ્રિલ - ૨૦૧૩

વર્ષ : ૨, અંક : ૨, સળંગ અંક : ૧૪

સત્પંથ પ્રકાશ - લવાજમ દર

		ભારતમાં		વિદેશમાં
વાર્ષિક	:	૧૦૦=૦૦	:	૭૦૦=૦૦
ત્રિવાર્ષિક	:	૨૫૦=૦૦	:	૧૮૦૦=૦૦
આજીવન	:	૮૫૦=૦૦	:	૪૦૦૦=૦૦
અમર	:	૧૫૦૦=૦૦	:	૭૦૦૦=૦૦

પ્રકાશક

સતપંથ પ્રકાશન સમિતિ, પ્રેરણાપીઠ-પીરાણા, તા. દસક્રોઈ,
જિ. અમદાવાદ-૩૮૨૪૨૫. ફેક્સ : ૦૨૭૧૮-૨૮૮૮૭૨
સંપર્ક : ધર્મેન્દ્ર પટેલ - બુકસ્ટોલ મો. ૯૪૨૭૩૭૧૯૪૦ ફોન: ૦૨૭૧૮-૨૮૮૮૧૨

E-mail : kutchkadavasssamajtrust@yahoo.in
kkp_pirana@yahoo.com
(Contact : Mob. No. 9427701112)

Website : www.satpanth.org
www.satpanthprakashan.org
www.nishklankinarayan.com

કુરીયર્સ : જિજ્ઞેશ પટેલ - મો. ૯૯૭૪૬૬૪૨૪૪ / આશિષ પટેલ : ૯૯૭૪૪૯૦૦૦૨

સત્યમ ઓટો કન્સલટન્ટ
૧-એ, જયવિજય સોસાયટી, ઓ.-પલીયડનગર ગાર્ડન, પલીયડ નગર
સોસાયટીની નજીક, નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩
C/o. સત્પંથ પ્રકાશન સમિતિ, પ્રેરણાપીઠ પીરાણા

મુદ્રક : સ્મૃતિ ઓફસેટ : બી-૫/૬/૭, રવિ એસ્ટેટ, રૂસ્તમ મિલ કંપાઉન્ડ, ટોરેન્ટો પાવરની બાજુમાં, દુધેશ્વર, અમદાવાદ-૩૮૦૦૦૪, ફોન : (૦૭૯) ૨૫૬૩૦૩૭૨/૭૩

મૂળ ક્રમ : વર્ષ : ૨૦, અંક : ૯, સળંગ અંક : ૨૩૪

સંપાદકીય.....

પ્રેરણા

॥ ૐ શ્રી નિષ્કલંકી નારાયણાય વિજયેતેતરામ ॥

પોતાનાં બાળકોને સદાચારી, ચારિત્ર્યવાન અને સંસ્કારી બનાવવાનું પવિત્ર કર્તવ્ય દરેક માતા-પિતાનું છે. પરિવારની પાઠશાળામાં જ બાળકોને સુસંસ્કારોનું શિક્ષણ મળે છે. સમાજને, રાષ્ટ્રને ગૌરવશાળી બનાવનારા હિરલાઓ પણ સંસ્કારી પરિવારોની ખાણમાંથી જ મળે છે.

સંતાનના જન્મ પછી તેનું યોગ્ય પાલનપોષણ, શિક્ષણ વગેરેની વ્યવસ્થા કરવાની જવાબદારી માતા-પિતાની છે. એટલું જ નહીં પણ, બાળકોમાં સંસ્કાર અને ચારિત્ર્યનું નિર્માણ કરવાનું કર્તવ્ય પણ માતા-પિતા અને પરિવારનું છે. બાળકોને જો યોગ્ય દિશા આપવામાં ન આવે તો બાળક અનેક દુર્ગુણોનો શિકાર બને છે અને પોતાના માટે, સમાજ માટે, રાષ્ટ્ર માટે ભારરૂપ થાય છે. બાળકો કેટલાક વારસાગત સારા-ખોટા સંસ્કાર લઈને ચોક્કસ જન્મે છે પરંતુ તેને દુર્ગુણોથી બચાવી સદ્‌ગુણોની ટેવ પાડવી માતા-પિતાની ફરજ છે. બાળકોના માનસિક વિકાસનો મુખ્ય આધાર માતા-પિતાની મનોદશા અને ઘરના વાતાવરણ ઉપર ખાસ નિર્ભર હોય છે.

બાળક ગર્ભમાં આવતાંની સાથે જ શીખવાનું શરૂ કરે છે અને પાંચ વર્ષની ઉંમર સુધીમાં પોતાની મનોદશાના નિર્માણનું લગભગ ત્રણ ચતુર્થાંશ પૂર્ણ કરી લે છે. આ સમયગાળામાં બાળક ઘણું જ સંવેદનશીલ રહે છે. આપણા શાસ્ત્રોમાં ગર્ભાધાન સંસ્કારને સોળ સંસ્કાર પૈકીનો પ્રથમ સંસ્કાર માનવામાં આવે છે. એટલે જ માતા-પિતાએ ગર્ભ સ્થાપનના પહેલાંથી જ પોતાના દોષ-દુર્ગુણો સુધારી લઈ પવિત્ર સુસંસ્કારી આચરણ-વ્યવહાર કરવા જોઈએ. આ માટે અષ્ટાવક્ર, શુકદેવજી, પ્રહલાદ, અભિમન્યુનાં ઉદાહરણો પ્રચલિત છે.

સંપાદક : શ્રી શામજીભાઈ કે. પટેલ

#Maval - Valuma - Borivali Letter

જાગો પાટીદાર

(હવે નહી તો ક્યારેય નહી)

તા. ૧૫-૦૩-૨૦૧૩

અખિલ કચ્છ કડવા પાટીદાર સમાજ ના માજી ટ્રસ્ટી સ્વ. અરજણ લાલજી છાભૈયા ના ધર્મ પત્નિ વનીતાબેન (વાલુ મા), (ઉમર વર્ષ ૬૫) ગામ દરશડી, હાલે બોરીવલી, મુંબઈ, ફોન નં.: ૦૯૮૨૦૭૩૯૧૮૦

આ ઉમરે આપણી સમાજની આવી સ્થિતિ જોવી પડશે એવું મેં ધાર્યુ નહોતું. આ શું થઈ રહ્યું છે આપણી સમાજ માં ? આ જોઈ ને સમાજના ઉપરી ને બે કડવા વેણ કહેવાનું મન થઈ જાય છે.

આજની સમાજની પરિસ્થિતી થી દીકરીઓને જે સહન કરવાનું આવ્યું છે. તે છેલ્લા બે-ત્રણ વર્ષો થી વિચાર માત્ર થી મારૂ હૃદય ભરાઈ આવે છે.

આપણે આપણી મરજી થી આપણાજ સનાતન ભાઈઓ તથા વડીલો ની હાજરીમાં અગ્નિ સાક્ષિએ આપણી દીકરીઓને સતપંથી ભાઈઓ ને ત્યાં પ્રેમથી વળાવેલી છે. નથી કોઈ ભાગીને ગઈ. છતાં પણ આપણે નિયાણીઓ તરીકે પુજતા આપણી દીકરીઓને પ્રસંગ સમયે રડાવી, દુ:ખ પહોંચાડવાનુ એવુ કૃત્ય કરી રહ્યા છીએ કે આ દીકરીઓ અને ભગવાન આપણને કયારેય માફ નહી કરે. અને હવે મારાથી રહેવાતું નથી. હું મારા સનાતની ભાઈઓને કહું કે વહુ તેજ મને સમાજાતું નથી. પણ એક વાત ચોક્કસ છે કે આપણી સમાજની કોઈ પણ દીકરી ઓ પરનો માનસિક અત્યાચાર હવે હું સહન નહી કરૂં અને સ્ત્રી ની વેદના સ્ત્રી નહીં જાણે તો કોણ જાણશે ? એટલે હું સમાજની દરેક બહેનો ને સંદેશો આપું છું કે હવે **જાગો** અને હવે અપમાન કે અત્યાચાર દીકરીઓ ઉપર આપણા ભાઈઓજ કરે છે. તેને કહીએ કે બંધ કરે. આ વિનંતી સમજો કે ચેતવણી.

ઘોર કળીયુગ પ્રવેશી ગયો છે આપણી સમાજમાં તે વિચારોને લાત મારીને કાઢો બહાર. નહી તો આપણી સમાજ ને ભરખી જશે.

મામેરા આપવા જાઓ તો જમવાનું નહી. સમાજવાડી ની બહાર ઉભા રહેવું. ધંધાકીય આર્થિક વ્યવહાર કરવા નહી, કયારેય એ જાણવાની કોશિષ કરી છે આ કટ્ટરવાદી સનાતની ભાઈઓએ કે મા-બાપ ઉપર શું વિતતુ હશે ? એક જ મા ના પેટ થી જન્મ લેનાર દીકરો સનાતનમાં, દીકરી સતપંથી ભાઈને ત્યાં વળાવી અને તેમના પરિવારના પ્રસંગો માં યુવાસંઘ ના અણ સમજુ નબીરાઓ કડક થઈને ઉપર થી આદેશ છે. આમ ન કરવું, તેમ ન કરવું, કોણે કાઢ્યા છે આ આદેશો, બનાવો લીસ્ટ, ખબર પડે. કયાંથી સડો ઘુસી રહ્યો છે આ સમાજમાં જેમની પાસે આદેશો ની કોપી હોય તો આપજો મને જાણ તો થાય. નામો તો ખબર પડે.

કેન્દ્ર સમાજના પ્રમુખ આપણા મવિત્ર છે તેમને સમજણ નથી પડતી કે તમે આપણી સમાજને પતન ના માર્ગે લઈ જાઓ છો. હાલ માં સમાજની દાંટ વળી રહી છે તેના જવાબદાર તમે જ છો. શું આ સમાજ તમારી કે આ પાંચ-પંદર માણસોની જાગીર છે ? શું સમજો છો તમારા મનમાં ?

જે વડીલો પ્રત્યે આપણને માન ઉપજે તેઓ પણ આ કળિયુગ ના ચક્કરમાં ફસાઈ ગયા છે. જેઓના કહેવાથી ડોમ્બીવલી સમાજ વાડીના નિર્માણ કાર્યમાં સતપંથી ભાઈઓ પાસે થી ફાળો લીધો છે અને આજ વડીલો નવી સમાજ બનાવીને સમાજમાં ઝગડા ના મુળ નાખી, સતપંથી ભાઈઓને સમાજમાંથી અલગ કરવાની પેરવી તેજ ડોમ્બીવલી સમાજવાડીમાં કરી રહ્યા છે. લક્ષ્મી નારાયણ ભગવાન આવા વડીલોને સદ્‌બુદ્ધિ આપે.

કોઈ કહેતા નથી એટલે પાંચ-પંદર જણા મળીને નવી સમાજનું નિર્માણ કરો છો અને તે પણ આ વિવાદોના સમયે. સમાજનો અભિપ્રાય તો લો, ફકત ત્રણ-ચાર ટકા લોકો આ સમાજ ને તોડવા બેઠા છો કે શું ? મુંબઈ ટ્રસ્ટ ફંડ તમારા પાપાચરણ માં સહમત ન થયું એટલે એમની સામે નવી સમાજ બનાવી રહ્યા છો.

વીસ વીસ વર્ષોથી માંડવી હોસ્ટેલનું કાર્ય કેટલું સરસ રીતે થઈ રહ્યું હતું. તેમાં ખલેલ નાખી ખોટો પ્રચાર કરી વડીલોને રડાવ્યા. અરે જરા સમજો તો ખરા, આપણને તે ત્યાં સ્કુલ બનાવી છે અને પ્રાયવેટ સ્કુલમાં ખર્ચો વધી જાય

અને તે બોજો સમાજ ઉપર આવે. તેમાં સરકારી રાહત મળે, ગ્રાન્ટ મળે તે હેતુ થી ટ્રસ્ટ કરવું જરૂરી હતું અને તે ટ્રસ્ટીઓએ કેન્દ્ર સમાજની પરવાનગી લીધી નહી (તે ગત્ પાટીદાર સંદેશ ના તંત્રી સ્થાનેથી ખુલાસો આપેલ છે.) બસ એટલી જ એમની ભુલ. અને તેનો પ્રચાર કેટલી હદે ખોટી રીતે કરી નાખ્યો અને આ કટ્ટરવાદીઓ સમાજને પૂછ્યા વગર નવી નવી સમાજો બનાવે છે તે હક આપ્યા છે કોણે તેતો કહો ?

આપણી કચ્છ કડવા પાટીદાર સમાજમાં જે થઈ રહ્યું છે તે લગભગ ૯૮% લોકોને નથી ગમતું. તો હવે બધાએ બોલવું પડશે નહી તો આપણે જ આ પરિસ્થિતી ના જવાબદાર કે ગુનેગાર થઈશું. આ થોડાક લોકોને સમાજમાંથી જ બહાર કાઢવા પડશે. નહીતો આ સમાજમાં ઝગડા ઓ સિવાય કંઈજ નહી રહે. આપણે સનાતની ઓ જ અંદર અંદર ઝગડતા રહેશું. તે હું તમને કોરા કાગળ ઉપર લખી આપુ. એટલે હવે ચેતી જાઓ.

યુવા સંઘ તમે મારા દિકરાઓ જેવા છો તમને હું હાથ જોડી વિનંતી કરૂં છું કે તમે આપણી સમાજની કરોડ રજ્જુ સમાન છો. તમારી ઉપર આપણી સમાજનું ભવિષ્ય છે. એટલે પહેલા સમજો, તમારી બુધ્ધિ લગાડો, ભાડાની બુધ્ધિ વાપરવાનું બંધ કરો. ધર્મની વાતો, વિવાદોથી સમાજ તો શું આખા દેશના દેશ હોમાઈ જાય છે. હવે ધર્મની વાતો છોડી વિકાસના કાર્યો માં ધ્યાન આપો અને આવા વિવાદોના સમયે નવી સમાજ ના સભ્ય બનવા ના રૂ. ૨૦/- આપવા કરતા, ગરીબો ને વડા પાંઉ ખવડાવી એક ટાઈમ નો પેટનો ખાડો પુરી વધારે પુણ્ય કમાશો, નહી તો વીસ–વીસ જન્મ–મરણ ના ફેરા ના ચક્કરોમાં પડી જશો. તે ખબરે નહી પડે. બસ ઉપર થી આદેશો છે. ઉપર છે કોણ નામ તો આપો.

મુંબઈ કે મુંબઈ ની બહાર જે દિકરીઓને ત્યાં પ્રસંગો આવે છે તેમાં કોઈ એ ડર કે ચિંતા રાખવી નહી. તમારા પ્રસંગો ખરાબ કરવા નહી, ઉપર થી કોઈ એવા આદેશો નથી અને આદેશ હોય તો પાળવા નહી અને હવે જો તમે તમારો પ્રસંગ ખરાબ કરવા દેશો તો તમે જ તેના ગુનેગાર થશો, તમને કોઈ કંઈ કહેવા આવે કે ધમકી આપવા આવે તો મારો ફોન નંબર આપજો અને નજીકના પોલીસ સ્ટેશન થી મારી સાથે વાત કરાવજો. જેમને ત્યાં પ્રસંગો આવતા હોય અને કુટુમ્બીઓ હાજરી આપવાની ના પાડતા હોય તો અમને જાણ કરશો તો હું (અમે) તમારો પરિવાર બની તમારા પ્રસંગો માં હાજરી આપશું. કોલ્હાપુર ની જેમ આર્થિક વ્યવહાર કરવા નહી, લગ્ન પ્રસંગે બોલાવા નહી, એમ કોઈપણ નડવાની કોશિષ કરે તો મને જાણ કરશો.

અને સતપંથી ભાઈઓને વિનંતી કરુ છું કે આપણી સમાજમાં જે પણ કેસો થયા છે કે મજબુરી થી કરવા પડ્યા છે તે વહેલી તકે તેમાંથી ઉકેલ નો રસ્તો કાઢશો. તો આપણી સમાજની એકતા વધારે મજબુત બની જશે.

કેન્દ્રીય સમાજના પ્રમુખ તથા હોદ્દેદારો એટલુ સમજી લેજો કે હવે જો સમાધાન ના માર્ગ ન અપનાવ્યા તો અમે બધી બહેનો ભેગી થઈ નખત્રાણા પહોંચી આવશું.

લી. વનીતાબેન (વાલુમા) ના હરી ૐ

૧૦૦૦૦ થી વધુ મંત્રજાપ સંખ્યા જે યુવાનો તથા વડીલોની છે તેમની ફોટા સાથે નામાવલી


ગંગાબેન ડી. પટેલ
શંકેશ્વર - કર્ણાટક
જાપ સંખ્યા : ૧૦૧૬૮


સીતાબેન આર. પટેલ
રામજીયાણી ફાર્મ - દહેગામ
જાપ સંખ્યા : ૨૦૦૦૦


ધર્મિષ્ઠા ડી. પટેલ
રાયતફાર્મ - વડાલી
જાપ સંખ્યા : ૨૦૦૦૦


અનસુયાબેન એચ. પટેલ
હરિપુરાલાટ, મહેમદાવાદ
જાપ સંખ્યા : ૧૦૧૬૮


કવિતાબેન આર. ગોગારી
ભેસ્તાન-સુરત
જાપ સંખ્યા : ૩૦૦૦૦


સીતાબેન એ. પટેલ
પનવેલ-મુંબઈ
જાપ સંખ્યા : ૫૦૦૦૦


ધર્મિષ્ઠા એમ. પટેલ
ભવાનીપુરાકંપા-મોડાસા
જાપ સંખ્યા : ૩૦૦૦૦


હંસાબેન એસ. પટેલ
ભેરૈયા-માંડવી
જાપ સંખ્યા : ૧૦૧૬૮


હર્ષા એ. રમાણી
ભેરૈયા-માંડવી
જાપ સંખ્યા : ૧૦૧૬૮


શાંતાબેન કે. રમાણી
ભેરૈયા-માંડવી
જાપ સંખ્યા : ૧૦૧૬૮


વિમળાબેન ડી. પટેલ
સબલપુરકંપા-મોડાસા
જાપ સંખ્યા : ૧૦૧૬૮


લતા વી. પટેલ
માનકુવા-ભૂજ
જાપ સંખ્યા : ૧૦૧૬૮


જયશ્રીબેન બી. અંધારિયા
ભાવનગર
જાપ સંખ્યા : ૧૦૧૬૮


વિમળાબેન કે. પટેલ
સીતાપુર - જયપુર
જાપ સંખ્યા : ૧૨૫૧૬૨


પૂનમ પી. જબુવાણી
અયપ્પાનગર-બેંગ્લોર
જાપ સંખ્યા : ૧૦૧૬૮


રાધાબેન જે. ગોગારી
ભેસ્તાન-સુરત
જાપ સંખ્યા : ૪૦૦૦૦


અમિતા એચ. પટેલ
તારાપુર - આણંદ.
જાપ સંખ્યા : ૧૦૧૬૮


છાયાબેન કે. પટેલ
દૂધેલીલાટ-કપડવંજ
જાપ સંખ્યા : ૧૦૧૬૮


સ્નેહલ એમ. પટેલ
શગુન બંગલો-હિંમતનગર
જાપ સંખ્યા : ૩૦૦૦૦


દમયંતીબેન વી. પટેલ
દેલવાડાકંપા-ખેડબ્રહ્મા
જાપ સંખ્યા : ૨૦૦૦૦


મણીબેન એલ. પટેલ
કમોઠા-નવીમુંબઈ
જાપ સંખ્યા : ૧૦૧૬૮


કમળાબેન આર. પટેલ
સુભાનપુરા-વડોદરા
જાપ સંખ્યા : ૧૦૧૬૮


મુકુંદભાઈ એમ. પટેલ
વાવકંપા-મેઘરજ
જાપ સંખ્યા : ૨૦૦૦૦


પ્રભુદાસ ડી. પોકાર
દુણીયા - હાલોલ
જાપ સંખ્યા : ૧૦૧૬૮


લાલજીભાઈ એસ. પટેલ
કમોઠા-નવીમુંબઈ
જાપ સંખ્યા : ૧૦૧૬૮


કાનજીભાઈ વી. જબુવાણી
અયપ્પાનગર-બેંગ્લોર
જાપ સંખ્યા : ૬૦૦૦૦


મુકેશ પી. પટેલ
ભવાનીપુરાકંપા - મોડાસા
જાપ સંખ્યા : ૧૦૧૬૮


તુલસી આર. પટેલ
જુનાબંદરરોડ, ભાવનગર
જાપ સંખ્યા : ૬૯૨૮૮


અંકુર એ. પટેલ
ધોળીવાવકંપા-વિજયનગર
જાપ સંખ્યા : ૧૦૧૬૮


સામજીભાઈ એલ. ધોળુ
શક્તિ સોસા. વડોદરા
જાપ સંખ્યા : [illegible]

Registered under RNI No. GUJ - GUJ - 2012/42296. Dt. 18/05/2012.
Registered Under Postal Registration No. GAMC - 1830-2012-2014 By S.S.P. Ahmedabad City DN
Valid up to 31st December 2014. Posted on 15th Every Month from PSO Patrika Channal Ahmedabad - 380002.

આ અંકના વિશિષ્ટ સહયોગી જ્ઞાનદાતા

"સત્પંથ પ્રકાશ"ના એપ્રિલ - ૨૦૧૩ના અંક માટે રૂા. ૨૧૦૦૦/- (અંકે રૂપિયા એકવીસ હજાર)નો આર્થિક સહયોગ "જ્ઞાનદાતા" શ્રી નિષ્કલંકી નારાયણ મહાપ્રભુના એક પરમ સેવાભાવી ઉપાસક ભક્ત તરફથી પ્રાપ્ત થયેલ છે. સત્પંથ પ્રકાશન સમિતિ તેઓશ્રીના આ "જ્ઞાનદાન"નો સહર્ષ સ્વીકાર કરે છે.

શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન અને સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની કૃપા સદાય તેમના ઉપર રહે તેવા પ.પૂ. જગદ્‌ગુરુશ્રી નાનકદાસજી મહારાજ તથા સંપાદક શ્રી શામજીદાદાના અભિનંદન સહ આશીર્વાદ.

રવાના :
સતપંથ પ્રકાશ
સતપંથ પ્રકાશન સમિતિ
પ્રેરણાપીઠ, પીરાણા, તા. દસક્રોઈ,
જિ. અમદાવાદ - ૩૮૨ ૪૨૫.

To, ______________________

Printed, and Published by **SHAMJIBHAI K. PATEL on behalf of Satpanth Prakashan Samiti** and Printed at **Smruti Offset,** B/5, Ravi Estate, Rustom Mill Compound, Near Torrent Power, Near Water Tank, Dudheshwar, Ahmedabad - 380 004 and published from Satpanth Prakashan Samiti, Shri Satpanth Prernapith, At - PIRANA - 382 425, Taluka - Dascroi, Dist. Ahmedabad.
Editor - **SHAMJIBHAI K. PATEL**